સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

પ્રલોભન એજ ધર્મ-પરિવર્તન નું કારણ છે,
ને બોગસ મતદારો 'પરિવર્તન'નું તારણ છે,
ચૂંટણી જ છે મારણ કૌભાંડોથી પરિવર્તનનું -
બધા પક્ષોને, સદાય પરિવર્તનનું ભારણ છે.

હાઈકુ

દુષ્કર્મો પણ -
ચેન સ્નેચીંગ જેમ -
પડશે કોઠે..
(હવે રોજિંદી ઘટના!!)

જરૂરત છે,
સાધુ-સંતોને પણ -
આત્મ ખોજની...
(જ્ઞાનસત્ર - સંમેલનો)

ચિંતન

પર પરિતાપન કુતુકી ગણયતિ નાત્મીય મપિ તાપમ્ ।
પરિહતિ હેતોઃ પિશુનઃ સંદશં ઇવ સ્વ પીડન સહતે ॥

'જેવી રીતે લોખંડની કોઇ વસ્તુને પકડીને ભઠ્ઠામાં તપાવવા માટે સાણસો પોતે પણ લાલઘૂમ થઇ, તેને ટીપાવવા માટે જાતે પણ ગરમ થવાની અને ટીપાતાં ટીપાતાં જાતે પણ માર સહન કરે છે તેમ,

તેવી જ રીતે દુષ્ટ-લુચ્ચું માણસ બીજાને સંતાપ આપવા જાતે પણ - એને પરેશાન કરવાની યોજના બનાવવા અને કાવાદાવા છળકપટ દ્વારા જાતે મન અને કર્મથી પરેશાન થાય છે. અર્થાત બીજાને સંતાપવા માટે પોતે પોતાની પીડાને અવગણે છે.'

ગુજરાતીમાં એક કહેવત છે હું મરું પણ તને 'રાંડ' કરું - કેટલાક લોકો જાતે હેરાન થઇ ને બીજાને હેરાન કરવાના સ્વભાવવાળા હોય છે પરપીડનમાં રાચતા લોકોને એમાં જ આનંદ આવતો હોય છે.

સુવિચાર

- જે માત્ર જીવિકોપાર્જન માટે વિદ્યા ભણાવે છે, તે પંડિત નથી પણ માત્ર જ્ઞાન વેંચનારો વણિક છે - પ્રેમચંદ
- દરેક માણસને ચાર સ્વતંત્રતા, અભાવોથી સ્વતંત્રતા, અને ભયથી સ્વતંત્રતા- જયોર્જ વોશિંગ્ટન
- જવાનીમાં જે માણસે માત્ર પૈસાની જ દોસ્તી કરી છે એ માણસ બુઢાપામાં વધારે એકલો પડી જાય છે - ચંદ્રકાન્ત બક્ષી
- જીંદગીના બે જ લક્ષ્ય છે એક, જોઇએ તે મેળવવું અને બે, એ મળી ગયા પછી એને માણવું.. બહુ ઓછા આ બીજા લક્ષ્યને સાકાર કરી શકે છે - એસ. ભટ્ટાચાર્ય
- અતિ ભોજનથી લોહી બનતું નથી, પણ જે ખોરાક પચે છે તેનું જ લોહી બને છે, આવું જાણનારો સુખી થવા માટે ઘણું ધન હોવું જોઇએ એવું કેમ માનતો હશે??- રત્નસુંદરવિજયજી
- જેને ભાન થઇ ગયું છે કે એનાથી ભૂલ થઇ ગઇ છે, છતા એ સુધારવાની કોશિશ નથી કરતો, તો સમજવું કે એ એકબીજી મોટી ભૂલ કરી રહ્યો છે - કન્ફ્યુસીયસ
- દંભ અને ઢોંગને માણસ બરાબર પોષે છે.. અને પછી એ જ માણસ એવો વિચાર કરે છે કે આ દંભ અને ઢોંગના દૂષણ મારા બાળકોમાં ન પ્રવેશે તો સારું- મેડમ મોન્ટેસરી

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આજના આપણા નેતાશ્રીઓની ખૂબી એ છે કે ભૂલથી કોઇકથી કંઇક સારું થયું હોય તો એનો યશ નેતાશ્રીના ખાતામાં જ જમા થાય છે અને કોઇ મોટી ભૂલ થઇ હોય તો નાના માણસને ફાંસીએ ચઢાવી દેવામાં આવે છે.

ઇસરોએ સંપૂર્ણ દેશી બનાવટનું મિસાઇલ બનાવ્યું. વૈજ્ઞાનિક ટીમના નેતા હતા સર અબ્દુલ કલામ આઝાદ પણ ઇસરો કેન્દ્રના વડા હતા સતીશ ધવન. મિસાઇલ છોડવાની સેકન્ડો ગણાતી હતી ત્યાં કોમ્પ્યુટર પર 'હોલ્ડ' શબ્દ આવ્યો. અને સૂચન મુજબ મિસાઇલ છોડ્યું.. નિષ્ફળ ગયું.

હોલ પત્રકારોથી ખીચોખીચ ભર્યો હતો. કોઇકે માઇક કલામ સાહેબ સામે ગોઠવ્યું હતું. ધવન સાહેબે માઇક પોતાની પાસે ખેંચી સ્પષ્ટતા કરી. જવાબો આપ્યા. પોતાને જવાબદાર ગણાવ્યા. અને કહ્યું હવે અમે ડો. કલામના નેજા હેઠળ બીજો પ્રયત્ન કરીશું અને ચોક્કસ સફળ થઇશું.

ટીમ ફરી પ્રવૃત્ત થઇ અને ફરીથી લોંચ કરવાનો સમય થયો. પત્રકારો હાજર હતા. ઉડ્ડયન સફળ થયું અને પત્રકારોની સામે ડો. ધવન સાહેબે ડો. કલામને રજૂ કરતાં કહ્યું આ સફળતાના સંપૂર્ણ યશભાગી તમે જ છો.

સફળતાનો શિરતાજ પોતાની ટીમને આપે અને નિષ્ફળતાનો કાંટાળો તાજ જાતે પહેરે એનું નામ 'નેતૃત્વ.'

Email - sureshchandrabhatt18@gmail.com

સુખ અને દુઃખ જેવી રીતે એક સિક્કાની બે બાજુ છે, તેવી જ રીતે હક્ક અને ફરજ પણ એક સિક્કાની બે બાજુઓ છે એ આપણે ક્યારેય ન ભૂલવું જોઈએ, માતાપિતા એ સંતાનનું બાળપણ સાચવ્યું છે, તેમ સંતાને પણ માતાપિતાનું ઘડપણ અચૂક સાચવવું જોઈએ

અનેક 'પણ' પછી ઘડાતું 'ઘડપણ' વિચારવલોણું

- પદ્મા મિસ્ત્રી

વ્યક્તિનું બાળપણ મોજ-મસ્તી અને નાદાનીમાં તથા જુવાની જોશ-જુસ્સામાં ક્યારે વીતી જાય છે, તેની ખબરેય પડતી નથી. લગ્ન પછીના સમયમાં વ્યક્તિ ગૃહસ્થાશ્રમની ઇમારતને મજબૂત બનાવવામાં અને જવાબદારીઓને યોગ્ય રીતે નિભાવવા માટે કમર કસી લે છે. પુત્રોને સુશિક્ષણ આપી પગભર બનાવે છે તથા દીકરીઓમાં પણ સુશિક્ષણ તથા સંસ્કાર સિંચી યોગ્ય ઘર અને વર શોધી સન્માનભેર તેના ઘરે વિદાય કરે છે. જ્યારે આ બંધી જવાબદારીઓ લગભગ પૂરી થવા આવે ત્યાં સુધીમાં તો વૃદ્ધાવસ્થાનું આગમન ઘરના ઉંબરે ટકોરા મારતું જણાય છે.

વૃદ્ધાવસ્થા એટલે જીવનની અંતિમ અવસ્થા - શારીરિક ક્ષીણતા અને અશક્તિની અવસ્થા. ઘણીવાર આપણને મનમાં પ્રશ્ન થશે કે આ વૃદ્ધાવસ્થા કે ઘડપણ શું છે? અને આખો ઉત્તર શોધવા જતાં આપણી સ્મૃતિપટલ પર વડીલોની એક છબી ઊપસી આવે છે. કરચલી પડી ગયેલો ચહેરો, શિથિલ થઇ ગયેલા ગાત્રો, પડી ગયેલા દાંતને કારણે અલગ જ દેખાતો ચહેરો, સાંભળવાની શક્તિ ગુમાવી બેઠેલા કાન, ઊંડી ઉતરી ગયેલી આંખો, કમરથી ઝૂકી ગયેલું શરીર, હંમેશા એકલાપણું લાગે અને હરનચલનમાં પણ મુશ્કેલી અનુભવાય... ટૂંકમાં, સિંહ જેવા વ્યક્તિઓ પણ ગરીબ ગાય જેવા બની જાય...!

કોને ગમે આવું ઘડપણ? ઘડપણ એ જીવનની એક એવી અવસ્થા છે, જેમાં વ્યક્તિની ઘણી બધી શારીરિક તેમજ માનસિક ઉર્જા ઓછી થઇ જાય છે. આમ તો વૃદ્ધાવસ્થા મોટેભાગે શારીરિક પ્રક્રિયાનું પરિમાણ છે, પરંતુ તેમાં માનસિક પ્રક્રિયા ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. ભારતીય સમાજમાં ઘડપણને અભિશાપ કે જીવનના અંતિમ તબક્કા તરીકે ઓળખવામાં આવે છે અને એટલે જ ઘણા લોકો ઘડપણથી દૂર ભાગે છે, પરંતુ ખરેખર એવું હોતું નથી. જીવનની સુખદુઃખની સ્મૃતિઓના સરવાળારૂપી આવા વૃદ્ધો પાસે જીવનની અનેક ઘટનાઓનો એવો તો અનુભવ અને તેનો અંતિમ નીચોડ હોય છે કે જે હિમાલયની ગુફાઓ કરતાં પણ ગહન છે. તેમની પાસે દુનિયાદારીનું ડહાપણ અને લાંબે સુધી જોઇ શકવાની દીર્ઘદૃષ્ટિ હોય છે તથા આવા વૃદ્ધો જ્ઞાન-માહિતીનો એવો ભંડાર છે કે ગમે તેટલા પુસ્તકો વાંચવા છતાંય આવું જ્ઞાન ક્યાંયથી પ્રાપ્ત થયું નથી. આ ઉંમર જિંદગીના બધા જ કષ્ટોની આગમાં તપ્યા પછી આવે છે. આ ઉંમરમાં વૃદ્ધો જૂના ચોખાની જેમ સુંદર બની જાય છે. દરેક કાર્યમાં તેમની નિપુણતા અને દૃઢતા વધી જાય છે. આ ઉંમરે માનવીયતાનું મહત્ત્વ તથા બહુજનકલ્યાણ માટે સમર્પણનો ભાવ વધી જાય છે. અને સાથે-સાથે વધી જાય છે. તેમનામાં લાગણીઓનું પ્રમાણ. પરંતુ આ સમયે તેમને પણ સમજવું જોઇએ કે પરિવર્તન એ તો સંસારનો નિયમ છે, તેથી જીવનના અંતિમ પડાવ એવા ઘડપણથી દૂર ભાગવાને બદલે તેનો સહજ સ્વીકાર કરવો જ રહ્યો.

આજનો નિવૃત્ત ઘરડો વ્યક્તિ પણ એક સમયે તેના નોકરી કે વ્યવસાયમાં વ્યસ્ત હતો. તેને પણ સમયની સાથે ઘડિયાળના કાંટે તાલ મિલાવવો પડતો હતો. ધન-ઉપાર્જનની તથા પરિવારના મોભા તરીકેની બીજી જવાબદારીઓ નિભાવવા તેમને પણ સતત પ્રયત્નશીલ રહેવું પડતું હતું. આવા વટવૃક્ષ સમા વૃદ્ધોએ દિવસ-રાત એક કરી પરિવારના વિકાસ-પ્રગતિની ચિંતા કરી પરિવારના સભ્યોને મમતા તથા હૂંફ પૂરાં પાડ્યા હોય અને પછી જ્યારે ઉંમર થતાં આ બધી જવાબદારીઓમાંથી થોડાક મુક્ત થઇ નિરાંતની બે પળ શાંતિથી માણવાનું વિચારે ત્યારે તેને એકલો - અટૂલો બિચારો કે લાચાર ન બનાવી દેવાય. ઘરડો થતાં તે નકામો કે બિનઉપયોગી બની જતો નથી. જેણે પોતાનું સમગ્ર જીવન પોતાના બાળકો તથા કુટુંબ પાછળ ખર્ચી નાખ્યું છે, એવા વૃદ્ધો ભલા તમારી પાસે શું અપેક્ષા રાખવાના હતા?

આજે જ્યારે મેડિકલ સાયન્સે આપણી ઉંમર વધારી દીધી છે અને રોજેરોજ વધારતું રહે છે, ત્યારે વૃદ્ધોને એવું લાગે છે કે મેડિકલ સાયન્સે જે ઉંમર વધારે છે એ તો ઘડપણવાળી પાછળી ઉંમરને? અરેરે... આ ઘડપણ કેમ લંબાવ્યું રે... આખી જિંદગીની દોડધામ અને તડકો - છાંયડો જોયા પછી જ્યારે તેમને પોતીકાઓનો સહારો, લાગણી અને હૂંફ જોઇએ છે, ત્યારે આવા સમયે એકલા લાચાર બની જીવવાનું આવે ત્યારે તેમના દિલમાં કેવી વેદના થતી હશે તેને નરસિંહ મહેતાની આ પંક્તિમાં નિરૂપવામાં આવે છે.

'ન'તું જોઇતું ને શીદને આવ્યું,
ન'તી જોઇ તારી વાટ...!
વળી કોઇકે એમ પણ કહ્યું છે કે,
'જો જા ને ન આયે વો જવાની
ઔર જો આકે ન જાયે વો બુઢાયા.'

ખરેખર, આપણા સમાજમાં આવા ઘરડા વ્યક્તિઓની દશા ખૂબ જ દયનીય છે. વૃદ્ધો ક્યારેક જુદાઇ નથી ઇચ્છતા. 'હું', 'તારુ' એવા ભેદભાવ એમને નથી ગમતા. તેઓ તો ફક્ત 'આપણે' ની ભાવના રાખી પ્રેમ તથા લાગણી સાથે સહુની જોડે જીવવા માગે છે. એટલે કે પૃથ્વી પર સ્વર્ગની તેઓ કલ્પના કરે છે. સમાજ તથા પરિવારે આ મોંઘામુલા માનવધનને નિરર્થક વેડફાતું બચાવવા અને વૃદ્ધત્વને નંદવાતું બચાવવા માટે કમર કસવાની જરૂર છે. વૃદ્ધોની લાગણીઓને સમજી, વૃદ્ધત્વનું સન્માન અને ગૌરવ કરી તેમના પ્રત્યે આદર તથા કૃતઘ્નતાની લાગણી વ્યક્ત કરવાની જરૂર છે તેમની નિપુણતા, સંસ્કાર, આવડત અને અનુભવનો સદુપયોગ કરી ચારિત્ર્ય ઘડતર અને સમાજના ઉત્કર્ષ માટે તેને વાપરવામાં આવશે તો વૃદ્ધોને પણ પોતાનું જીવન સાર્થક થયાની લાગણી થતો અનુભવ થશે. તેમણે ઇચ્છેલું પૃથ્વી પર સ્વર્ગનું સપનું સાકાર થતું દેખાશે.

ઘડપણને નાથી કે ટાળી શકાતું તો નથી તેથી વયવૃદ્ધિના આ અંતિમ પડાવમાં વૃદ્ધોએ પણ એકલા લાચાર બની જીવવા કરતા જ્યાં સુધી જીવન છે, ત્યાં સુધી કોઇ પણ રચનાત્મક પ્રવૃત્તિમાં મન પરોવી પ્રસન્નચિત્તે જીવવું જોઇએ. કહેવાય છે કે વ્યક્તિને નવગ્રહો જેટલું પજવી શકતા નથી એટલું દસમો ગ્રહ એવો પૂર્વગ્રહ વધુ પજવતો હોય છે તેથી પૂર્વગ્રહ રહિત અને ડખલગીરી રહિત બની પોતાની જીંદગીનો ધાર્મિક પ્રવૃત્તિમાં વળી શાંતિથી પસાર કરવી જોઇએ. વૃદ્ધાવસ્થા પણ જીવનમાં માણવાની એક અવસ્થા છે. યુવાની જેમ જેમ જુસ્સા અને ઉત્સાહથી માણીએ છીએ. એટલા જ જોમ-જુસ્સા સાથે અને એથીયે ડબલ જુસ્સા સાથે વૃદ્ધાવસ્થાને માણવી જોઇએ. ગામની ભાગોળ નજીક આવે ત્યારે ગાડાના બળદની ઝડપ વધી જાય છે તેમ! કારણ કે વૃદ્ધાવસ્થા એ કોઇ પૂર્ણવિરામ નથી.

વ્યક્તિએ માતા-પિતા તરફથી જેટલા સુખ-શાંતિ, હૂંફ તથા પ્રેમ મળ્યાં છે, તેટલાં ઘડપણમાં તેમને પણ પાછાં આપવાં જ જોઇએ. કારણ કે સુખ અને દુઃખ જેવી રીતે એક સિક્કાની બે બાજુ છે, તેવી જ રીતે હક્ક અને ફરજ પણ એક સિક્કાની બે બાજુઓ છે એ આપણે ક્યારેય ન ભૂલવું જોઇએ. માતાપિતા એ સંતાનનું બાળપણ સાચવ્યું છે, તેમ સંતાને પણ માતાપિતાનું ઘડપણ અચૂક સાચવવું જોઇએ.

સંસાર પ્રત્યે પોઝીટીવ અભિગમ કેળવવાની વૃત્તિ સૌમાં જાગે તો નો પ્રોબ્લેમ

બી પોઝિટિવ, યાર!

રોહિતોપદેશ

- રોહિત શાહ

સંસારમાં કોઇ પણ પ્રકારના ટેન્શન (તનાવ) વગરનો માણસ તમને જડી જાય તો, એ માણસ કાં તો પાગલ હશે કાં તો અલગારી ફકીર હશે. એ સિવાયના દરેક માણસને જીવનમાં કોઇક ને કોઇક ટેન્શન તો હશે જ.

ટેન્શનનું મુખ્ય કારણ એ જ છે : નકારાત્મક અભિગમ. આપણે જીવન તો જીવીએ છીએ, પણ જીવનની મજા માણી શકતા નથી. ક્યારેક નિરાશા, ક્યારેક અહંકાર, ક્યારેક સ્વાર્થ, ક્યારેક અભાવ અને ખાલીપો આપણો પીછો કરતાં રહે છે. ઇર્ષ્યા અને ઘૃણા તો આ તમામને ઓવરટેઇક કરીને આપણને વારંવાર પછાડતાં રહે છે.

તમામ પ્રકારના ટેન્શનનો એક માત્ર ઉપાય છે : હકારાત્મક (પોઝિટિવ) અભિગમ. જીવનમાં એક પણ સમસ્યા ન હોય, કોઇ પણ પ્રકારનો સંઘર્ષ ન હોય એવું તો શક્ય જ નથી, પરંતુ દરેક સમસ્યા અને દરેક સંઘર્ષનો સામનો હકારાત્મક અભિગમથી કરવામાં ઓ તો ટેન્શનને જરૂર ટાળી શકાય. જીવનની કેટલીય સમસ્યાઓ અને તે માટે હકારાત્મક અભિગમ વિશે ચિંતન કરીએ :

મારે દરરોજ સવારે નોકરી-વ્યવસાય માટે જવાનું હોય છે. એ માટે એલાર્મ સાંભળીને મારે ઊઠી જવું પડે છે. મીઠી નિંદર છોડી દેવી પડે છે. આવા સંજોગોમાં અણગમો અનુભવવાને બદલે જો હું એમ વિચારું કે, 'દુનિયામાં ઘણા લોકો પાસે જોબ જ નથી. મારી પાસે જોબ છે ને!' અથવા તો 'વાહ! મને એક નવા દિવસની ભેટ મળી ચૂકી છે! સૂર્ય આજે પણ મને પ્રકાશ આપવા માટે આવી પહોંચ્યો છે!' તો પેલો અણગમો ઓગળી જશે.

મારે દર વર્ષે ઇન્કમટેક્સનાં રિટર્ન ભરવા પડે છે અને એ માટે સતત બદલાતા કાયદા જાણવા પડે છે. આવક અને જાવકના હિસાબોની નોંધ રાખવી પડે છે. વકીલ દ્વારા કે સી.એ. દ્વારા ચોપડા તૈયાર કરાવવાની કડાકૂટ કરવી પડે છે. આવા સંજોગોમાં મારે એવું વિચારવું જોઇએ કે વાહ! મારે ટેક્સ ભરવો પડે એટલી બધી આવક તો છે ને! સંસારમાં ઘણા લોકોને તો રોજીરોટીનો પ્રશ્ન પજવતો હોય છે! મારે એવી કોઇ તકલીફ નથી. ટેક્સ ભરવો પડે એટલી આવક હોવાનો કારણે હું આર્થિક સંકડામણ વગર મારી દરેક પ્રાથમિક જરૂરિયાત પૂરી કરવા સમર્થ છું!

હું મંદિર અને દેરાસરમાં જાઉં છું ત્યારે મોટા અવાજે રાગડા તાણતા ભક્તો મને ડિસ્ટર્બ કરે છે. ક્યારેક વહેલી સવારે અથવા મોડી રાત સુધી લાઉડ સ્પીકરમાંથી ફંગોળાતા અવાજો મને ત્રાસરૂપ લાગે છે. આ વખતે હું ગુસ્સે થવાને બદલે જો એમ વિચારું કે મારી શ્રવણેન્દ્રિય (કાન) બરાબર કામ કરે છે. કેટલાય લોકો તો જન્મથી કે પછીથી બધિર (બહેરા) થઇ ગયેલા હોય છે. એ લોકોની અપેક્ષાએ હું મનગમતા સ્વરો અને સૂરો સાંભળવા માટે સક્ષમ છું એમ વિચારવાથી ખાસ્સું આશ્વાસન મળી જાય છે.

હું બહારથી વાહન લઇને મારા ઘર પાસે પહોંચું છું ત્યારે મને વાહન પાર્ક કરવાની જગ્યા મળતી નથી. મારી પહેલાં બીજા લોકોએ તેમના વાહનો પાર્ક કરી દીધા છે. એ વખતે મારે એમ વિચારવું જોઇએ કે મારી પાસે વાહન તો છે ને! એટલું જ નહિ, હું એવા વિસ્તારમાં વસું છું જ્યાં મોટા ભાગના તમામ રહીશો પાસે વાહનો છે. વાહન હોવાની સમૃદ્ધિ અને સુવિધા સામે પાર્કિંગનો પ્રશ્ન લાચાર બની જશે.

કોઇક ગૃહિણીને ઘરનો નોકર રજા પાડે ત્યારે સૌથી મોટી મુસીબત લાગે છે. ઘરનું કામ જાતે કરવું પડે એ એને પનિશમેન્ટ લાગે છે. એવી ક્ષણે સમજુ ગૃહિણી એમ વિચારશે કે 'અરે વાહ! સાફ-સફાઇ કરતાં થાકી જવાય એટલા માટે ઘરની હું શેઠાણી છું! ઘણા બદનસીબ લોકો બિચારા ફૂટપાથ ઉપર પશુ જેવી જિંદગી જીવી રહ્યા છે. મારે રહેવા માટે ઘર કેવું વિશાળ અને સુંદર-મજાનું છે! અને મારી મજબૂરીને કારણે દરરોજ તો નોકર પાસે મારે ઘરકામ કરાવવું પડે છે... આજે મને મારો ગૃહિણીધર્મ નિભાવવાની રૂડી તક મળી છે!'

આપણા ઘેર મિત્રો-મહેમાનો વધુ પ્રમાણમાં આવતા હોવાથી તેમની સરભરા કરીને થાકી જવાય છે. એ વખતે આપણે કંઇક આવું પોઝીટીવ વિચારવું જોઇએ કે, 'વાહ! આ સંસારમાં મારી પાસે આટલી મોટી સંખ્યામાં મિત્રો-સ્વજનો છે! હું કાંઇ સાવ એટલો-અટુલો અને બિચારો-ઓશિયાળો નથી!'

મારે વીજળી અને ટેલિફોનનાં મોટા મોટાં બિલ ચૂકવવા પડે છે એવી ફરિયાદની પીડા સામે એટલું આશ્વાસન પણ છે કે મારી પાસે એટલી આધુનિક સુવિધાઓ પણ છે જ! એ સાધનો દ્વારા મને ઘણી સગવડ અને રાહત મળે છે. સગવડનો પક્ષપાત કરવાથી અગવડ તો બિચારી એક ખૂણામાં જઇને બેસી જશે!

આપણે નકારાત્મક વિચાર કરવા માટે એટલા બધા ટેવાઇ ગયા છીએ કે, પોઝિટિવ વિચાર કરવાનો હાથવગો ચમત્કારિક ઉપાય ભૂલી જઇએ છીએ! એક દીકરાએ તેનાં ઘરડાં માબાપને 'ઘરડાઘર'માં ધકેલી દીધા. મા-બાપ દુઃખી થવાને બદલે વિચારતાં હતા કે, અમે વાંઝિયા નથી એટલું તો સુખ છે ને! એ જ વખતે એમનાં સ્વજનો એમની પાસે જઇને એમને દુઃખી થવાનો ઉપાય બતાવતાં હતા, 'આવા દીકરા હોય એના કરતાં તો વાંઝિયાપણું સારું!'

જેની પાસે નકારાત્મક વિચારો સિવાય કશું હોય જ નહિ એ બીજાઓને હકારાત્મક વિચારોની ભેટ શી રીતે આપી શકે?

રહસ્યની વાતો તો એ છે કે, સંસારમાં થોડાંક દુઃખો છે એ કારણે જ આપણને સુખનો સાક્ષાત્કાર થતો રહે છે. જો માત્ર સુખ જ સુખ હોય તો સુખનો અનુભવ થશે જ નહિ. તડકો વેઠ્યા પછી જ છાંયડાની શીતળતા આહ્લાદક લાગે છે. તરસમાં તરફડ્યા પછી એક ગ્લાસ પાણી મળે તો એ પાણી અમૃત જેવું લાગે છે. તમને દરરોજ તમારી મનગમતી મીઠાઇ ભોજનમાં મળતી હશે તો એ મીઠાઇનો આસ્વાદ નહિ માણી શકાય. તમે બસમાં મુસાફરી કરતા હો એ વખતે ભીડને કારણે દોઢ-બે કલાક સુધી ઊભા રહીને થાકી જાવ ત્યાર પછી બેસવાની થોડી જગા મળે તો 'હાશ' નો અનુભવ થાય છે. બસમાં તમને શરૂથી જ પૂરતી જગા મળી હશે તો, એ 'હાશ' નહિ મળે!

કેટલાક લોકો નકારાત્મક અભિગમને કારણે સંસારમાં સામાન્ય દુઃખોથી વિચલિત થઇને આત્મહત્યા કરે છે, તો કેટલાક લોકો સંસાર છોડીને વૈરાગ્યના માર્ગે દોડી જાય છે. આ બંનેમાં પલાયનતા છે, ભાગેડુવૃત્તિ છે, કાયરતા છે. અસંયમ જો ખોટો છે તો અતિ સંયમ પણ ખોટો છે. સહજ જીવન જીવવામાં જ સાચું સુખ છે. પોઝિટિવ ચિંતન કરશો તો સંસાર વચ્ચેય મોક્ષનું સુખ માણી શકશો, નેગેટિવ ચિંતન કરવાથી તો મોક્ષમાંય સુખથી વંચિત રહેવું પડશે. કુદરતે અંધકાર અને પ્રકાશ, તડકો અને છાંયડો, ફૂલ અને કાંટા, સુગંધ અને દુર્ગંધ, વિષ અને અમૃત એવા જોડકાં એવા શુભ હેતુથી જ બનાવ્યાં છે કે માણસ સુખનો સાક્ષાત્કાર કરી શકે. અકુદરતી જીવનનો મહિમા ગાયા કરવો એ અલ્ટીમેટલી નેગેટીવ થિંકિંગ જ છે. કમ્પ્યુટરની શોધ કરનાર, વિમાનની શોધ કરનાર, વીજળીની શોધ કરનાર, બીમારીઓના ઉપાય શોધનાર, રેડિયો-ટીવીની શોધ કરનાર, ટેલિફોનની શોધ કરનાર વગેરે સિદ્ધિઓ મેળવનાર કોઇ બ્રહ્મચારીઓ નથી... સંસારમાં રહીને જે વ્યક્તિ જે સિદ્ધિ મેળવે છે, તેનો લાભ સમગ્ર સમાજના લાખો લોકોને અને સાધુઓને પણ મળે છે. આવી સિદ્ધિ મેળવનાર વૈજ્ઞાનિકો, વિચારકો અને પ્રતિભાશાળી લોકો મારે મન ઋષિઓ સાધુ-મહાત્માઓ કરતાં મહાન છે.

સંસાર પ્રત્યે પોઝીટીવ અભિગમ કેળવવાની વૃત્તિ સૌમાં જાગે તો નો પ્રોબ્લેમ.

હિન્દુ વારસા અધિનિયમ ૨૦૦૫ મુજબ કૌટુંબીક મિલ્કતમાં દિકરીઓને દિકરા જેટલો જ સમાન હક્ક મળે છે

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com

હિન્દુ વારસા હક્ક અધિનિયમ અને ૨૦૦૫ માં થયેલા સુધારા મુજબ કુટુંબની વડીલોપાર્જીત મિલ્કતમાં દિકરાઓની જેમ દિકરીઓને પણ દિકરાઓ જેટલો જ કોપાર્સનર તરીકે હક્ક અધિકાર મળે છે હિન્દુ વારસા અધિનિયમમાં થયેલા આ સુધારાનો કાયદો રિસ્ક્રોસ્પેક્ટિવ એટલે કે પાશ્ચાવર્તી અસરવાળો હોય અને ૨૦૦૫ પહેલા જન્મેલ દિકરીઓને પણ હવે દિકરા જેટલો જ સરખો હિસ્સો મળે છે પરંતુ જો કોઈ સંજોગોમાં કુટુંબની આવી વડિલોપાર્જીત મિલ્કત અંગે ૨૦/૧૨/૦૪ પહેલા યાને હિન્દુ વારસા હક્ક અધિનિયમમાં સને ૨૦૦૫ માં થયેલ સુધારા મુજબનો કાયદો અમલમાં આવતા પહેલા વહેચણી થઈ ગયેલ હોય તો તેવા સંજોગોમાં કુટુંબની આવી વડિલોપાર્જીત મિલ્કતનું પાર્ટીશન રીઓપન કરી શકાય નહિ સદર ચુકાદો નામદાર ઓરીસ્સા હાઈકોર્ટમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ છે.

સદર કેસની વિગતો મુજબ અરજદાર સ્ત્રીએ ૧૯૭૭ માં ડેક્લેરેશન કરી વડિલોપાર્જીત મિલ્કતમાંથી પોતાનો હક્ક અન્ય ભાઈઓના ભાગે જતો કરેલ અને જેના ભાગે મકાન આવેલ તે ભાઈએ ખુબ જ મોટો ખર્ચ કરી મકાન રીનોવેશન કરાવેલ અને જુના બિલ્ડીંગમાં નવુ બાંધકામ પણ કરેલ અને તે બાંધકામવાળી મિલ્કત ભાડે આપેલ જેના ભાડા હક્કની રકમ મેળવવા અરજદાર સ્ત્રી કે જેણે પોતાનો હક્ક એક વખત જતો કરેલ તેણે વારસાઈ મિલ્કતમાં પોતાનો હિન્દુ વારસારઈ અધિકાર છે તેમ જણાવી દાવો કરતા નીચલી કોર્ટે પરસ્પર સમજુતિથી એક મહિનામાં નવેસરથી વિભાજન કરવા જણાવતા પટીશનરોએ નામદાર હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરતા નામદાર કોર્ટે જણાવેલ કે હિન્દુ ઉત્તરાધિકાર (સુધારા) અધિનિયમ ૨૦૦૫ માં થયેલ સુધારા મુજબ કલમ ૬ મુજબ હિન્દુ ઉત્તરાધિકાર (સુધારા) ૨૦૦૫ અમલમાં આવતા તારીખ અને તે પછીથી અધિનિયમ મારફતે સંચાલિત હિન્દુ કુટુંબમાં કો પાર્ટનરી હક્ક ધરાવતી મિલ્કતમાં પુત્ર

(એ)પોતાના જન્મથી જ પુત્રતા અધિકારની જેમ જ સમાન હક્ક મળે છે.

(બી) સદાપાદ ગણે મિલ્કતમાં જો પુત્ર હોય તો તેને જે કોઈ અધિકારો પ્રાપ્ત થયા હોય તે બધા જ અધિકારો તેને મળવાપાત્ર રહેશે.

(સી) કહેવાતી સદાયાદગણ (સહભાગી) મિલ્કતમાં તેને પુત્ર જેટલી જ સમાન જવાબદારી લાગુ પડે છે અને હિન્દુ મીતાક્ષર સહભાગી મિલ્કતોનો કોઈ પણ સંદર્ભમાં આવી મીતાક્ષર સહભાગી મિલકતનો કોઈપણ સંદર્ભમાં આવી સહભાગી મિલ્કત ધરાવનારની પુત્રીના સંદર્ભમાં પણ માની લેવામાં આવશે.

જો કે પેટા કલમમાં એવું કઈ ઉલ્લેખીત ના હોવું જોઈએ જે તારીખ : ૨૦-૧૦-૨૦૦૪ પહેલા કરાવેલ અવેજીકરણ અથવા તો તબદીલી અસરકર્તા હોય કે જેને અયોગ્ય એટલે જેમાં બીલ દ્વારા આવી મિલ્કતની તબદીલીનો પણ સમાવેશ કરવામાં આવે છે.

૨૦-૧૨-૨૦૦૪ ના પહેલા જે કોઈ પીટીશન ડીડ રજીસ્ટ્રેશન એકટ મુજબ રજીસ્ટ્રર થયેલ હોય તેને આ કલમ લાગુ પડી શકશે નહી.

નામદાર ગુજરાત હાઈકોર્ટે હાલની આ અપીલ મંજુર કરવાનો હુકમ કરેલ અને ઠરાવેલ કે પ્રારંભીક હુકમનામાનો અર્થ એ નથી કે પીટીશનની અસર શરૂ થઈ ગયેલી ગણાય યાને પ્રારંભીક હુકમનામાનો અર્થ એ નથી કે પાર્ટીશન થઈ ગયેલુ ગણાય નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ કે વાદી અને પ્રતિવાદીઓ દાવાવાળી મિલ્કતમાં એક સરખો હિસ્સો ધરાવે છે કારણ કે ૨૦-૪-૨૦૦૪ ના દિવસે દાવાવાળી મિલ્કતો અંગે કોઈ પાર્ટીશનની અસર થયેલી નહી યાને કાયદેસરનું કોઈ પાર્ટીશન અમલમાં મુકાયેલ ન હતું.

આમ ઉપરોકત હકિકતે સ્પષ્ટપણે સાબીત થાય છે કે હિન્દુ વારસાઈ હક્ક અધિનિયમમાં અને ૨૦૦૫માં થયેલ સુધારા મુજબ કુટુંબની વડિલોપાર્જીત મિલ્કતમાં દિકરીઓને પણ હવે દિકરાઓ જેટલો જ સરખો હિસ્સો મળે છે. હિન્દુ વારસા અધિનિયમમાં થયેલા આ સુધારાથી કાયદો રીસ્ટ્રોસ્પેકટીવ યાને પાશ્ચાવર્તી અસરવાળો હોઈ ૨૦૦૫ પહેલા જન્મેલ દિકરીઓને પણ હવે દિકરાઓ જેટલો જ સરખો હિસ્સો મળે છે પરંતુ કોઈ સંજોગોમાં કુટુંબની આવી વડિલોપાર્જીત મિલ્કત અંગે ૨૦-૧૨-૨૦૦૪ પહેલા વહેચણી થયેલ હોય તો તે સંજોગોમાં મિલ્કતનું પાર્ટીશન રી ઓપન કરી શકાય નહી.

નોંધ : કાયદાની વધુ જાણકારી માટે તથા વાચકોના લાભાર્થે વેબસાઈટ www.ashvintrivedi.com જોવા વિનંતી.